## તા.૨૧/૦૬/૨૦૨૩ – વિશ્વ યોગ દિવસ – સામુહિક સૂર્યનમસ્કાર – નાંધઈ ભૈરવી મંદિર








૯ મો વિશ્વ યોગ દિવસ નિમિત્તે નાંધઈ ભૈરવી ખાતે સામુહિક સૂર્યનમસ્કાર કરતા સ્વયંસેવકો અને પ્રો.ઓફિસરો.

## તા.૨૧/૦૬/૨૦૨૩ – વિશ્વ યોગ દિવસ – સામુહિક સૂર્યનમસ્કાર – કૉલેજ કેમ્પસ








૯ મો વિશ્વ યોગ દિવસ નિમિત્તે કૉલેજ કેમ્પસમાં સામુહિક સૂર્યનમસ્કાર કરતા સ્વયંસેવકો અને સ્ટાફગણો.

# તા.૧૭/૦૭/૨૦૨૩ થી તા.૨૨/૦૭/૨૦૨૩ – યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગ

**વલસાડ જિલ્લા સહકારી સંઘ**

'સહકાર જાગૃતિ', ૧લે માળે, મંગલમ્ એપાર્ટમેન્ટ, હાલરના તળાવ પર,
ભવાની માતાના મંદિર સામે, હાલર, વલસાડ - ૩૯૬ ૦૦૧.
☎ : ૨૫૧૭૭૭

જા.નં.: માહે.જુલાઈ–૨૩/ /૨૦૨૩–૨૪ તા.૭/૦૭/૨૦૨૩

પ્રતિ,
મે.આચાર્યશ્રી
શ્રી સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ
ખેરગામ. તા. ખેરગામ. જિ. નવસારી

વિષય – <u>કોલેજમાં યુવક – યુવતી સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવા બાબત.</u>

મહાશય,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રના વ્યાપ અને વિસ્તાર વધવાની સાથે વૈવિધતા,સંગીનતા અને ગતિશીલતા પ્રાપ્ત થઈ છે. તેને વધુ પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ, રાજ્યમાં સહકારી શિક્ષણ,તાલીમ,પ્રચાર અને પ્રકાશનની કામગીરી કરે છે. સહકારી શિક્ષણ કાર્યક્રમોનો અમલ દરેક જિલ્લામાં આવેલા જિલ્લા સહકારી સંઘો દ્વારા કરવામાં આવે છે તે મુજબ વલસાડ જિલ્લા સહકારી સંઘ વલસાડ અને નવસારી જિલ્લામાં સહકારી શિક્ષણ,તાલીમ અને પ્રચારની કામગીરી કરી રહયો છે.

સહકારી પ્રવૃતિના વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલ વિવિધ પ્રકારની સહકારી સંસ્થાઓમાં યુવકો માટે સ્થાન છે જ અને તે દ્રષ્ટિએ કોલેજોમાં અભ્યાસ કરતા યુવક–યુવતીઓને સહકારી પ્રવૃતિ અંતર્ગત વિવિધ સહકારી ક્ષેત્રોની ઉપયોગીતા અને સિધ્ધીઓની માહિતી આપી તેઓ પણ તેમની કારકિર્દી ઘડતરમાં સહકારી માધ્યમોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત બને તે માટે યુવક સહકારી શિક્ષણ યોજના અમલીત છે.આ યોજના હેઠળ જે તે કોલેજમાં યુવક–યુવતીઓ માટે ૬ દિવસની મુદતના સહકારી શિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

આપશ્રીના સુસંચાલન હેઠળ કાર્યરત કોલેજમાં આ પ્રકારનો સહકારી વર્ગ યોજવા વિચારેલ છે. જેથી આ અંગે સંઘમાં સહકારી શિક્ષણ, તાલીમની કામગીરી બજાવતા સી.ઈ.આઈ. / મ.સી.ઈ.આઈ. આપની કોલેજનો સંપર્ક કરશે તો આપશ્રી આ યુવક વર્ગના આયોજન માટે સહાનુભુતિપૂર્વક સહકાર આપશો એવી વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ...

7/7/2023
Principal
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

આપનો સહકારી.
ઈ.ચા. એક્ઝી. ઓફિસર.
વલસાડ જિલ્લા સહકારી સંઘ.
વલસાડ.

---

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 19-07-2023

## ખેરગામમાં 22 જુલાઇ સુધી યુવક- યુવતી માટે સહકારી શિક્ષણ વર્ગનો આરંભ



ખેરગામા ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત, વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના N.S.S., કોમર્સ, અર્થશાસ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકીર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી તા.17 થી 22 સુધી ચાલનારા "યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગનું આચાર્ય ડો.એસ.એમ.પટેલના અધ્યક્ષ પદે ઉદ્દઘાટન કરાયું હતું. ટ્રેનર રાજેશભાઈએ પોતાનું ઉદબોધન કર્યું હતું. આચાર્યએ જણાવ્યું કે સહકારી ક્ષેત્રનું શિક્ષણ મેળવવું ખૂબ અઘરું છે પરંતુ એક અઠવાડિયાની તાલીમ વિદ્યાર્થી કોલેજ કક્ષાએ મેળવી સમજ કેળવે એ ખૂબ જરૂરી છે. સહકારી સંસ્થા "નહિ નફો નહિ નુકસાન" નાં સિધ્ધાંત પર કાર્યરત છે. નજીવા દરે નફો લઈને ચીજ-વસ્તુઓને બજારથી ગ્રાહક સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 22-07-2023

## ખેરગામની સરકારી કોલેજમાં શિક્ષણ વર્ગમાં દુધ સંપાદક અધિકારીનું વ્યાખ્યાન યોજાયું



ખેરગામા ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત , વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના NSS, કોમર્સ અર્થશાસ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકીર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી ચાલતા યુવક - યુવતી સહકારી તાલીમ વર્ગના પાંચમાં દિવસે વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રનું વ્યવહારું અને વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી મિતેશભાઈ બારોટ દુધ સંપાદક અધિકારી શુક્રવારના રોજ તાલિમ વર્ગમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વસુધારા ડેરીની કાર્ય પ્રણાલી , દુધ મંડળીના સભ્યો , દુધ વેચાણ અંગેની રસપ્રદ માહિતી રજુ કરી હતી. કોલેજના આચાર્ય ડો . એસ . એમ . પટેલ જણાવ્યું હતું કે " વસુધારા ડેરી સૌથી વધુ મહિલા સભાસદો ધરાવતી અને સૌથી વધુ દુધ સંપાદન કરતી પ્રગતિશીલ , અગ્રેસર ડેરી તરીકે નામના મેળવી ચૂકી છે .

યુવક-યુવતી સહકારી શિક્ષણ વર્ગની તાલીમ અંગેનો વલસાડ જિલ્લા સહકારી સંઘનો પત્ર અને પ્રેસનોટ.

## તા.૦૧/૦૮/૨૦૨૩ – વૃક્ષારોપણ કાર્યક્રમ




કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરતા પ્રોગ્રામ ઓફિસરો અને સ્વયંસેવકો.

## તા.૦૮/૦૮/૨૦૨૩ – વિશ્વ આદિવાસી દિવસ – ડૉ.નીરવભાઈ પટેલનું વ્યાખ્યાન








વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે કૉલેજમાં વ્યાખ્યાન આપી રહેલા છાંયડો હૉસ્પિટલના તબીબ ડૉ.નીરવભાઈ પટેલ તથા આદિવાસી નૃત્ય કરી રહેલા સ્ટાફમિત્રો.

# તા.૦૯/૦૮/૨૦૨૩ – મેરી મીટ્ટી મેરા દેશ - પંચપ્રાણ પ્રતિજ્ઞા કાર્યક્રમ















મેરી મીટ્ટી મેરા દેશ અભિયાન અંતર્ગત પંચપ્રાણ પ્રતિજ્ઞા લઇ રહેલા સ્વયંસેવકો, આચાર્યશ્રી અને સ્ટાફગણ.

## તા.૧૦/૦૮/૨૦૨૩ – મેરી મીટ્ટી મેરા દેશ – વસુધા વંદન કાર્યક્રમ
























મેરી મીટ્ટી મેરા દેશ અંતર્ગત તોરણવેરા ગામે ગ્રામ પંચાયત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, હાઇસ્કુલ તથા અન્ય જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કરતા સ્વયંસેવકો, પ્રોગ્રામ ઓફિસરો, સરપંચશ્રી, તથા સ્થળ હેઠળના સ્ટાફ મિત્રો.

# તા.૧૫/૦૮/૨૦૨૩ – ૭૭ મો સ્વાતંત્ર્ય પર્વ

















સ્વાતંત્ર્ય પર્વની કોલેજ કેમ્પસ તથા ખેરગામ તાલુકા ખાતે ઉજવણી કરી રહેલા સ્વયંસેવકો તથા સ્ટાફગણો.

## તા.૨૧/૦૮/૨૦૨૩ – વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ – ઓનલાઈન જીવંત પ્રસારણ
















વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે સ્વદેશી જાગરણ મંચના રાષ્ટ્રીય સંગઠક આદરણીય કશ્મીરી લાલજી દ્વારા વર્તમાન સમયમાં આત્મનિર્ભરતાની જરૂરીયાત વિષય અંતર્ગત ઓનલાઈન વ્યાખ્યાનનું જીવંત પ્રસારણ.


## તા.૧૪/૦૯/૨૦૨૩ – વિશ્વ અંધજન દિવસ














ક્લાસ રૂમમાં જઈ વિદ્યાર્થીઓ પાસેથી અંધજનો માટે ફાળો એકત્રિત કરી રહેલા સ્વયંસેવિકા પ્રિયંકા અને ટીન્કલ.